# સાબરકાંઠા-બનાસકાંઠામાં ફાગણ માસમાં અષાઢી માહોલ

## મહેસાણામાં કમોસમી વરસાદ મોડાસામાં માવઠાએ ખેડૂતોને પાયમાલ સાથે ખેતીનો કચ્ચરઘાણ : ભિલોડામાં ખેડુતોના મોંમાં આવેલો કોળીયો છીનવાયો

મોડાસા, તા. ૧

અરબી સમુદ્ર તેમજ કચ્છથી પાકિસ્તાન સુધીના વિસ્તારમાં સર્જાયેલી અપર એર સાઈક્લોનિક સરક્યુલેશનના કારણે સમગ્ર અરવલ્લી જિલ્લામાં વાતાવરણમાં છેલ્લા બે દિવસથી પલટો આવ્યો હતો. સામાન્ય રીતે હોળી પછી કાળઝાળ ગરમીવાળા ઉનાળાનું આગમન થતુ હોય છે. પણ ગઈકાલથી વાતાવરણમાં ઠંડી સીતલહેરો પછી અરવલ્લી જિલ્લામાં ચોમાસા જેવુ ંવાતાવરણ સર્જાઈ ધોધમાર વરસાદ પડતાં ભૂમિપૂત્રોની હાલત દયનીય બની ગઈ છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા, મેઘરજ, ધનસુરા, બાયડ, ભીલોડા તાલુકાઓના ગામડાઓમાં શનિવાર સાંજથી વાતાવરણમાં અચાનક પલટો આવતાં વાદળછાયા વાતાવરણ બાદ રવિવારે વહેલી સવારે જ ધોધમાર વરસાદ વરસી પડ્યો હતો. અરવલ્લી જિલ્લાના ભૂમિપૂત્રો એક બાજુ ઘઉં કાપણી તેમજ બટાટા કાઢવાની સિઝન ચાલતી હતી ત્યારે આજે અચાનક વરસેલા વરસાદે ખેડૂતોની હાલત બગાડી નાખી હતી. અરવલ્લી જિલ્લાના ખેડૂતોએ મોંઘાદાટ ખાતર, બિયારણનો ખર્ચો કરી ખેડૂતોએ શિયાળાના મુખ્યત્વે પાક એવા ઘઉં, બટાટા, ટેટી, મરચા, તમાકુ, તડબુચ જેવા પાકોનું વાવેતર કર્યુ હતુ અને પાક પણ ખૂબ જ સારા પ્રમાણમાં ઉત્પાદન થવાની ધારણા સાથે પાક લેવાની શરૂઆત કરી હતી ત્યારે જ માવઠુ થતાં ખેડૂતો પાયમાલ થઈ ગયા છે અને હાલત દયનીય બની ગઈ હતી. પોતાનો મોંઘા મૂલ્યના પાકોને ખેતરમાં બગડતા જોઈ કેટલાક ખેડૂતો ચોંધાર આંસુએ રડી પડ્યા હતા. અચાનક થયેલા માવઠાએ ખેડૂતોને પાયમાલ કરી દીધા છે. અને કોણ કોને આશ્વાસન આપે તેવી દયનીય હાલત ખેડૂતોની થઈ ગઈ છે. અને ખેડૂતો જાયે તો કહા જાયે તેવી સ્થિતિનું નિર્માણ પેદા થયું છે. પાકની સિઝન લેવાના સમય દરમિયાન અચાનક માવઠા સાથે ધોધમાર વરસાદ વરસતા ખેડૂતોનું બજેટ ખોરવાઈ ગયું હતું. જેની સીધી અસર આમ આદમીની થશે. માવઠાના કારણે પાક નિષ્ફળ જતાં ચાલુ સાલે ઘઉં, બટાટાના ભાવો આસમાને આંબી જશે. જેના લીધે ગરીબ જનતાને બેવડો માર સહન કરવાનો વારો આવશે.



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડાના નારણપુર, નારસોલી, ભિલોડા કંપા, ટાકાટુકા, વેજપુર, મલેકપુર, વાંકાનેર સહિતના ગામડાઓમાં ઘઉંની ખેતીનો દાટ વળ્યો છે. જગતના તાતને પડતા પર પાટુ વાગતાં ખેડુતનું કિસ્મત બે ડગલાં પાછળ રહે છે તે સાર્થક કરે છે. તા.૨૮/૨/૧૫ ની રાત્રીએ એકા-એક વાતાવરણમાં કુદરતી પલટો આવ્યા બાદ અષાઢી માહોલ સર્જાયો હતો. કમોસમી વરસાદ વરસતાં ખેડુતોમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. મોંઘા ભાવનો સુકો ઘાસચારો પલળ્યો હતો જેના કારણે પશુપાલકો ચિંતાતુર બન્યા હતા.

ભિલોડા તાલુકામાં એકા-એક વાતાવરણમાં નાટ્યત્મક રીતે પલટો આવ્યા બાદ કમોસમી વરસાદ વરસતાં વાતાવરણમાં આહ્‌લાદક ઠંડક પ્રસરી હતી. વીજળીના કડાકા-ભડાકા સાથે ઉનાળાના શુભારંભ ટાણે અસહ્ય કાળઝાળ ગરમી આક્રમક બને તે પહેલાં જ વાતાવરણમાં એકા-એક પલટો આવી ગયો હતો. આકાશમાં ઘટાટોપ વાદળો ઘેરાતા હોવાના કારણે ખેડુતોની નજર આકાશ તરફ જ હતી ત્યાં તો આકાશમાં ગોરંભાયેલા વાદળોના કારણે વરસાદ વરસતાં ભીની માટીની મહેંક સાથે જ સામાન્ય રીતે ગરમીના માહોલમાં ઠંડક પ્રસરી હતી. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા પંથકના ખેડુતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. વાદળો ઘેરાયા અને ક્યાંક-ક્યાંક વરસાદ વરસતાં ભિલોડા પંથકના કેટલાય ગામોમાં વાઢેલા ઘઉં અને વાઢવાની તૈયારીમાં આવેલા ઘઉં વરસાદ વરસતાં જમીનદોસ્ત થતાં ભિલોડા પંથકમાં ઘઉંની ખેતીમાં મોટા નુકશાનના એંધાણ વર્તાય રહ્યા છે. કેટલીક જગ્યાએ કાઢેલા ઘઉંના હુસેલના ઢગલા પણ પલળી જવાના સમાચાર પ્રાપ્ત થયા છે. પશુપાલકો ચિંતાતુર બન્યા છે. ધાર્યું ધણીનું થાય તે વાત સાર્થક બને છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

આજે મહેસાણા જિલ્લામાં અચાનક હવામાનમાં પલ્ટો આવતા કાળા વાદળોથી છવાઈ ગયું હતું. અને જિલ્લાના મોટભાગના વિસ્તારોમાં હળવો કમોસમી વરસાદ પડયો હતો.

જિલ્લાના મુખ્ય મથક મહેસાણા સહિત વિસનગર, વડનગર, વિજાપુર, કડી, બેચરાજી, ઉંઝા તાલુકાઓમાં આજે સવારે હળવો વરસાદ થયો હતો જેથી વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. બાદ દિવસ દરમિયાન આકાશ વાદળ છાયું રહેતા સાંજના સમયે પુનઃ ઊંઝા સહિત જિલ્લાના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ શરુ થયો હતો. જે ભારેથી પડતાં નીચાણવાળા ભાગોમાં પાણી ભરાઈ ગયા હતા અને ઠંડીના પ્રમાણમાં પણ વધારો થયો હતો. આ સમાચાર લખાય છે ત્યારે વીજળીના કડાકા સાથે વરસાદ પડી રહ્યો છે. ઊંઝા વિસ્તારમાં વીજ કડાકાને લઈને વીજળી પુરવઠો ખોરવાઈ ગયો હતો. જિલ્લામાં કમોસમી વરસાદ થવાથી ખેતરોમાં થૈયાર થયેલ પાકો જેવા કે જીરૂ, વરિયાળી, રાયડો, ઈસબગુલ વગેરેને નુકશાન થવાની ભીતિ સેવાય છે.

## પાલનપુરની દરેક સરકારી શાળાના વિદ્યાર્થીઓ માટે માસ્કનું નિઃશુલ્ક વિતરણ

પાલનપુર, તા. ૧

સ્વાઈન ફ્લુના રોગચાળાને અટકાવવા માટે ગુજરાત સરકાર તથા ગુજરાત રાજયનું આરોગ્ય તંત્ર કટિબદ્ધ બન્યું છે. ત્યારે પોતાની નૈતિક ફરજ સમજી વહીવટી તંત્રને મદદરૂપ થવા માટે જિલ્લા યુવા ભાજપના મહામંત્રી અને સદ્‌ભાવના ગ્રુપના ચેરમેન શ્રી હરેશ ચૌધરી દ્વારા સોમવારે તા. ૨૩-૨-૨૦૧૫ના રોજ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી આર.કે. પટેલ પ્રાંત ઓફિસર શ્રી જે.બી. દેસાઈ જિલ્લાના આરોગ્ય અધિકારી શ્રી સી.ડી. આચાર્ય અને નગરપાલિકા પ્રમુખ શ્રી હસમુખ પઢીયારની હાજરીમાં જિલ્લાની સરકારી માધ્યમિક શાળાના ધો. ૧૦ ના ૨૦૦૦ વિદ્યાર્થીઓ પાલનપુરની તમામ સરકારી બ્રાંચશાળાના ૩૦૦૦ વિદ્યાર્થીઓને સ્વાઈનફ્લુના ચેપી રોગચાળા સામે બચવા માટે અને આ રોગચાળો આગળ ના ફેલાય એ માટે અટકાવવા માટે મોઢે પહેરવાના માસ્કનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યુ હતુ.

શહેરનીપ્રાઈવેટ સ્કુલોમાં માસ્ક ફરજીયાત કરવામાં આવી રહ્યા છે. ત્યારે સરકારી શાળામાં અભ્યાસ કરતા ગરીબ ઘરના વિદ્યાર્થીને આર્થિક બોજો ના પડે અને તેઓ પણ આ રોગચાળાનો પ્રતિકાર કરી શકે એ માટે નિઃશુલ્ક માસ્ક આપ્યા બાદ આરોગ્ય વિભાગની ટીમ માસ્કનું મહત્વ અને આ રોગાચાળાનો પ્રતિકાર કઈ રીતે કરે એ બાબતે વિદ્યાર્થીઓને સમજ આપી હતી. અને દરેક સ્કૂલના આચાર્યશ્રીને વિનંતી કરવામાં આવી હતી કે આ માસ્ક બાળક પેરીને આવે તેવી તકેદારી લે.

## નવા બાકલપુરમાં ગેસનો બાટલો ફાટતા ઘર વખરી બળીને ખાખ

### બોટલ ફાટતાં છતના પતરાં હવામાં ઉડયા : ઘરમાં હાજર પાંચનો આબાદ બચાવ

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નવા બાકલપુર ગામે તાલુકાના નવાબાકલપુર ગામે રહેતા ઈશ્વરભાઈ મગનભાઈ પટેલ કેજેવોના ઘરે બપોરના સમયે કોઈ કારણોસર આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા. જ્યારે જોત જોતામાં આગ પકડાઈ જતા બાજુના મકાનમાં પણ આગ એટલી બધી ભયંકર બની હતી કે ઘર વખરી બધી બળીને ખાખ થઈ ગઈ હતી અનેઘરમાલિકનેસવારનાબીજા પણ દફતર સહિત આગની લપેટમાંઆવી ગયો હતો. જ્યારે તેવો વ્યવસાયે ખેત મજુરી કરે છે અને આમ અચાનક આગ





(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

બપોરના સમયે અચાનક ઘરની અંદર ગેસની બોટલ ફાટતા નાસભાગ મચી જવા પામી હતી.

પ્રાંતિજ નજીક આવેલ પ્રાંતિજ એકદમ ગેસની બોટલ ફાટતા ઘરની અંદર આગ પકડાઈ ગઈ હતી અને ધડાકા સાથે બોટલ ફાટતાં છતના પતરાં હવામાં ઉડવા માડ્યા હતા અને આગ પકડાઈ ગઈ હતી અને ગ્રામજનો દ્વારા તથા પ્રાંતિજ, તલોદ, હિંમતનગર ફાયર ફાયટર દ્વારા ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આ કપડાં પહેરવા પણ સવાલ ઉભો થયો છે. જ્યારે મકાનની અંદર નવાબાકલપુર પ્રાથમિક શાળાનો સામાન પણ શાળાનું કામ ચાલુ હોવાથી મકાન માજ હતો તે લાગતા તેવોની ઉપર અગ્ની આભ ફાટતા તેવો બધી રીતે લાચાર થઈ ગયા છે. જ્યારે સરકાર દ્વારા સહાય મળે તેવુ ગામજનો ઈચ્છી રહ્યા છે.



(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

## ધાનેરા ખાતે આંગણવાડી બહેનોની મિટીંગ યોજાઈ

ધાનેરા ખાતે સહર્સ મહિલા પ્રગતિ ટ્રસ્ટ સંચાલિત આઈ.સી.ડી.સી. યોજના આયોજીત આંગણવાડી કાર્યકર બહેનો માટે આઈ.સી.ડી.એસ.ની કામગીરી સુધારણા માટે વર્કશોપ મીટીંગ યોજાઈ હતી. આ મીટીંગમાં બહેનોને મળતી સુવિધાનો ઉપયોગ કરવા તેમજ બાળકો કુપોષણ હોય તો તેને પુરતો ખોરાક આપવો તથા ડિલીવરી બહેનો માટે ૧૩૦ દિવસની રજા મળતી હતી તે વધારીને ૧૮૦ દિવસની કરવામાં આવી હતી. તેમજ ટ્રસ્ટના સંચાલિત તથા પ્રોગ્રામ ઓફિસર બ.કા. આરતીબેન દવે તથા એમ.બી. ગોડીસાહેબ તથા ડીસા વડગામના સી.ડી.પી.ઓ તથા ડૉ. આચાર્ય સાહેબ વગેરે બહેનોને યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું તથા સ્વાઈન ફલુના રોગ માટે પ્રતિકારક દવાઓ બાળકોને આપવી તેવુ માર્ગદર્શન આપ્યુ હતુ. આ સાથે ભોજનની પણ વ્યવસ્થા કરાઈ હતી. તેમજ ટ્રસ્ટના સંચાલક પ્રતીકભાઈ સેવકે આયોજીત કરી મીટીંગને સફળ બનાવી હતી.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## કલોલ સી.આર.સી.નો વાર્ષિકોત્સવ ઉજવાયો

તાજેતરમાં કલોલ સી.આર.સી.નો વાર્ષિકોસવ નાકા વર્ગ પ્રાથમિક શાળામાં યોજાયો હતો.આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે જીજ્ઞેશકુમાર જોષી (ગલોડીયા) બાબુલાલ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કલોલ સીઆરસીની કલોલ ગામ, નાકા આદર્શ, નાકા વર્ગ, ભાંદલીયા ગામ, ભાંદલીયા કંપા, શિલવાડ પ્રાથમિક શાળાઓના ૨૫૦ જેટલા બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે જીજ્ઞેશભઈ જોષીએ દાનમાં કોપ્યુટર તથા લેપટોપ આપવાની જાહેરાત કરી હતી જયારે ભાગ લેનાર તમામ બાળકોને ચોપડા, પેન તથા પ્રમાણપત્રનું ઈનામ આપવામાં આવ્યું હતું.

## ખેડબ્રહ્મામાં એકસીસ બેંકની શાખા શરુ કરવા રજુઆત

ખેડબ્રહ્મા, તા.૧

ખેડબ્રહ્મા તાલુકા ફેર પ્રાઈસ શોપ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ખેડબ્રહ્મા શહેરમાં એકસીસ બેંકની શાખા શરુ કરવા બેંકના સંચાલકોને લેખિતમાં રજુઆત કરી છે

ખેડબ્રહ્મા તાલુકા ફેર પ્રાઈસ શોપ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ પ્રવિણસિંહ દેવડાના જણાવ્યા અનુસાર ખેડબ્રહ્મા તાલુકામાં સરકાર માન્ય વ્યાજબી ભાવની ૯૪ દુકાનો દ્વારા જાહેર વિતરણ યોજનાના જથ્થાનું વિતરણ કરવામાં આવે છે. આ દુકાનદારો આ જથ્થાના બીલની રકમ જુદી જુદી બેંકોમાં આરટીજીએસથી પુરવઠા નિગમમાં નાણાં જમા કરાવે છે. જેમાં દુકાનદારોને તકલીફનો સામનો કરવો પડે છે જેથી ખેડબ્રહ્મામાં એકસીસ બેંકની શાખા શરુ કરવામાં આવે તો નિગમને નાણાં મોકલવા સુગમતા પડે તેમ છે. જો ખેડબ્રહ્મા શાખા શરુ કરવામાં આવે તો વ્યાજબી ભાવના તમામ દુકાનદારો બેંકમાં ખાતા ખોલાવવા સંમત છે. આ દુકાનદારો દ્વારા માસિક રુ. ૭૦ લાખ જેટલી રકમ આરટજીએસથી મોકલવામાં આવતી હોવાનું તથા બજાર સમિતિ સાથે સંકળાયેલા વેપારીઓ પણ આ બેંકમાં ખાતા ખોલાવશે તેવી લેખિતમાં બેંકના વાઈસ પ્રેસીડેન્ટને રજુઆત કરવામાં આવી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર — TATA
ઓથોરાઈઝ્ડ ડીલર — Castrol, EXIDE INDUSTRIES LIMITED, BRIDGESTONE PASSION for EXCELLENCE, JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦